EDI

Divya Bhaskar

March 30, 2016
Page No. 2
Of City Bhaskar

### ઈડીઆઈઆઈ ખાતે ગ્રામિણ વિકાસના કમિશનર ડૉ.જ્યંતિ રવિએ કહ્યું કે..

# જાહેરમાં શૌચાલય કરવાથી થતા રોગોથી દરરોજ 1 હજાર બાળકોના મોત થાય છે

## સ્વચ્છ ભારત મિશન અને તેમાં રહેલી બિઝનેસની તકો પર સેમિનારનું આયોજન થયું

સિટી રિપોર્ટર @ahm_cb




• આ સેમિનારમાં ઇડીઆઇઆઇના પ્રાફેસર જે.બી .પટેલ, ડિરેક્ટર સુનિલ શુકલા અને ડો. જ્યંતિ રવિ હાજર રહ્યા હતા.

આંત્રપ્રિન્યોરશીપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા (ઈડીઆઈઆઈ) ખાતે ભારત સરકારના સ્વચ્છ ભારત મિશન અને તેમાં રહેલી બિઝનેસની તકો પર એક દિવસીય સેમિનારનું આયોજન ઈડીઆઈઆઈ કેમ્પસ ખાતે કરવામાં આવ્યું હતું. જેમાં ગ્રામીણ વિકાસના કમિશનર અને ગુજરાત સરકારના પ્રિન્સિપાલ સેક્રટરી ડો.જ્યંતિ એસ.રવિ હાજર રહીને ભારત સરકાર અને ગુજરાત સરકારની ગ્રામીણ વિકાસના કાર્યો અને 'સ્વચ્છ ભારત મિશન'માં રહેલી બિઝનેસની તકો વિશે ચર્ચા કરી હતી. આ સેમિનારમાં ગ્રામીણ વિકાસના કમિશનર અને ગુજરાત સરકારના પ્રિન્સિપાલ સેક્રટરી જંયતિ રવિએ 'સ્વચ્છ ભારત મિશન' વિશે વાત કરતા કહ્યું કે, 'સ્વચ્છ ભારત માટે ભારત સરકારે અંદાજિત 11300 કરોડ રૂપિયા ફાળવ્યા છે. જેમાંથી 900 કરોડ રૂપિયા ફક્ત ગ્રામીણ વિસ્તાર માટે ફાળવામાં આવ્યા છે. આપણે અહીં શૌચાલય બાધવા ખુબ જ સરળ છે પણ લોકોની માનસિકતામાં પરિવર્તન લાવવું ઘણું અઘરુ છે'.

તેઓએ વધુમાં જણાવતા કહ્યું કે, 'ભારતમાં લોકો વર્ષોથી જાહેરમાં શૌચક્રિયા કરવા માટે ટેવાયેલા છે. તેઓની આ માનસિકતામાં પરિવર્તન લાવવા ખૂબ જ અઘરું છે. જેના કારણે જાહેરમાં શૌચાલયમાં એક હજાર બાળકોના મૃત્યુ થાય છે. આ બાબતને આપણે ખૂબ ગંભીરતાથી લેવાની જરૂર છે.

### કેવી રીતે સ્વચ્છ ભારતમાં બિઝનેસની તકો મળશે?

એસ.બી ડાંગાયા કહ્યું કે, 'સ્વચ્છતા સાથે સંકળાયેલી સમસ્યાઓના સમાધાન આપણે ભારતલક્ષી વ્યુહ અપનાવવાની જરૂર છે. જેમ કે ભારત પાસે પશુઓના ગોબરમાંથી બાયોગેસ અને ઉર્જા ઉત્પન કરવાની ટેકનોલોજી ઉપલ્બધ છે. આ ટેકનોલોજી ઉર્જા સંબધિત પ્રશ્નોના હલ શોધવામા મદદરૂપ થઈ શકે છે.

### સિંગાપોરમાં પાણીને 10 વાર રિસાયક્લ કરાય છે

લંડનમાં પાણીને સાત વાર અને સિંગાપોરમાં 10 વાર રિસાયકલ કરાય છે. ભારતમાં પ્રદુષિત પાણીને આ પ્રકારની ટેકનોલોજીનો ઉપયોગથી રિસાયકલ કરીને બિઝનેસની તકો વધારી શકાય છે. પાણીને સ્વચ્છ પાણીના પરિવર્તન કરવાની ટેકનોલોજીથી બિઝનેસની નવી તકો ઉત્પન કરી શકાય છે.